રાજય ચૂંટણી આયોગ,
બ્લોક નં. ૯, ૬ ઠ્ઠો માળ,
સચિવાલય, ગાંધીનગર.
તા.૨૯–૮–૨૦૧૮
ક્રમાંક: રાચઆ–ચટણ–સ્થા.સ્વ.–૨૪૧(૧)–૮૨૦૧૮–ક

વંચાણે લીધા : (૧) રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક:–રાચઆ–ચટણ–સ્થા.સ્વ.–૨૪૧–૧૧૨૦૧૭–ક, તા.૪–૧૨–૨૦૧૭
(૨) રાજ્ય ચૂંટણી આયોગના સુધારા આદેશ ક્રમાંક:–રાચઆ–ચટણ– સ્થા.સ્વ. –૨૪૧– ૧૨૦૧૮–ક, તા.૨૨–૧–૨૦૧૮

—: સુધારા આદેશ :—

સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચૂંટણીઓ માટે રાજકીય પક્ષના ઉમેદવાર ગણાવા તથા હરિફ ઉમેદવારો માટે પ્રતીક ફાળવવા માટે રાજય ચૂંટણી આયોગે આદેશ ક્રમાંક : રાચપ–ચટણ–સ્થા.સ્વ.–૨૨૧(૧) –૨૨૦૧૨–ક, તા.૮–૨–૨૦૧૨ થી "ગુજરાત સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચૂંટણી માટે ચૂંટણી પ્રતીકો (અનામત રાખવા તથા ફાળવણી કરવા) અંગેનો આદેશ–૨૦૧૨" કરેલ છે, જેના ફકરા નં. ૧૮ પ્રમાણે વંચાણવાળા (૧) તા.૪–૧૨–૨૦૧૭થી આદેશથી પરિશિષ્ટ ૧ થીઉ નકકી કરવામાં આવેલ છે.તેમજ આયોગના વંચાણવાળા (૨) તા.૨૨–૧–૧૮ના રોજ સુધારા આદેશ કરવામાં આવેલ છે.

ભારતના ચૂંટણી પંચના તા.૧૩–૪–૨૦૧૮ના જાહેરનામાં ક્રમાંક:56/2018/PPS-111 થી તથા તા.૨૦–૬–૧૮ના સુધારા જાહેરનામાં ક્રમાંક : 56/2018/PPS-111 થી માન્ય રાજકીય પક્ષોને અનામત પ્રતીક તરીકે ફાળવવા નકકી કરેલા પ્રતીકો તથા મુકત પ્રતીકોની યાદી જાહેર કરેલ છે.

રાજ્ય ચૂંટણી આયોગમાં બીજા અન્ય રાજકીય પક્ષ તરીકેની નોંધણી તથા રાજ્ય ચૂંટણી આયોગમાં નોંધાયેલ અમાન્ય પક્ષોને મુકત પ્રતીકોમાંથી પ્રતીક ફાળવવામાં આવેલ છે. જે ધ્યાને લેતા આયોગના તા.૪–૧૨–૨૦૧૭ના આદેશમાં નીચેની વિગતે પરિશિષ્ટ ૧થી ૩ સુધારો કરવામાં આવે છે.

**પરિશિષ્ટ – ૨ માં નીચે મુજબ સુધારો/ ઉમેરો કરવામાં આવે છે.**

**રાજ્ય ચૂંટણી આયોગ સમક્ષ નોંધાયેલા અમાન્ય પક્ષના નામ, સરનામા તથા અનામત કરેલ પ્રતીકની વિગત**

| તા.૪–૧૨–૧૭ના આદેશના પરિશિષ્ટ–૨નો અનુંક્રમ નંબર | પક્ષનું નામ | અનામત કરેલ પ્રતીક | સરનામું |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | મહાગુજરાત જનતા પાર્ટી | – | પ્રમુખશ્રી,<br>મહાગુજરાત જનતા પાર્ટી,<br>C/O શ્રી સુરેશભાઈ ધીરૂભાઈ ગુંદરણીયા,<br>ગુજરાત પ્રદેશ કાર્યાલયમંત્રી,<br>મહાગુજરાત જનતા પાર્ટી,<br>૫, ભાવના કોલોની, ઈન્ડિયા કોલોની સામે,<br>માતૃશકિત સોસાયટી બાજુમાં, બાપુનગર,<br>અમદાવાદ |
| ૨ | ભારતીય નેશનલ જનતાદળ | – | ૭૦૧/એ, ૭ મો માળ,મેઘ મલ્હાર કોમ્પ્લેક્ષ,<br>સેકટર–૧૧,ગાંધીનગર |
| ૩ | ઈન્ડીયન પબ્લીક પાર્ટી | બેટ પકડેલ ખેલાડી | બી–૧,રાજ કોમ્પ્લેક્ષ,સરકાર મંડળ,<br>ભાવનગર–૩૬૪૦૦૨ |
| ૪ | લોકતાંત્રિક રાષ્ટ્રવાદી પાર્ટી | ટેલીફોન | ઇ–૨,ઓલ્ડ સોસાયટી,<br>સૈજપુર રેલ્વે સ્ટેશન પાસે,સૈજપુર બોઘા,<br>અમદાવાદ |

P.T.O

| | | | |
|---|---|---|---|
| ૬ | રાષ્ટ્રીય કોમી એકતા પાર્ટી | – | ઇ–૨૧૪,સુમેળ બીજનેશ પાર્ક–૪, અમદુપુરા બ્રીજ પાસે,અમદુપુરા–કાલુપુર અમદાવાદ–૩૮૦૦૦૧ |
| ૮ | યુવા સરકાર | – | ૪૧૧,શાંતિ નીકેતન ફલોરા,અબ્રામા રોડ, મોટા વરાછા,સુરત |
| ૩૧ | માનવાધિકાર નેશનલ પાર્ટી | ટુથબ્રશ | ૧૨,બીજો માળ,સ્વાગત કોમ્પલેક્ષ, રામબાગ રોડ,મણીનગર, અમદાવાદ–૩૮૦૦૦૮ |

પરિશિષ્ટ – ૩

ગુજરાત રાજયની સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચૂંટણી માટેના મુકત પ્રતીકોની યાદીનાં પરિશિષ્ટ(૩)પરના અ.નં. ૪૧.છરો(Dao), અ.નં.૫૮.પૃથ્વીનો ગોળો, અ.નં.૧૨૦. ટેલીફોન, અ.નં.૧૨૫.ટુથબ્રશ પ્રતીકો રદ કરવામાં આવે છે.

જયારે અનુક્રમ નંબર ૧૪૪ પછી અ.નં.૧૪૫.વાંસળી,અ.નં. ૧૪૬ પર ગેસ સીલીન્ડર પ્રતીકો ઉમેરવામાં આવે છે.

સ્થાનિક સ્વરાજય સંસ્થાઓની યોજાનાર ચૂંટણીઓમાં આ સુધારા આદેશ સંબંધિત ચૂંટણી અધિકારીશ્રીઓનાં ધ્યાન પર લાવવાનો રહેશે.

વંચાણે લીધાં (૧) તથા (૨)નાં આદેશની અન્ય વિગતો યથાવત રાખવામાં આવે છે.

રાજય ચૂંટણી આયોગના આદેશથી,

( મહેશ જોશી )
સચિવ
રાજય ચૂંટણી આયોગ
ગાંધીનગર

પ્રતિ,

- જિલ્લા મ્યુનિસિપલ ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી તમામ
- શહેર ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી (સંબંધિત)
- જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી તમામ
- નિવાસી અધિક કલેકટરશ્રી / પ્રાંત અધિકારીશ્રી / મામલતદારશ્રી તમામ (કલેકટરશ્રી મારફતે)

*નકલ જાણ સારૂ રવાના:–*

- મુખ્ય સચિવશ્રી,ગુજરાત રાજય,સચિવાલય,ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી,પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગ સચિવાલય, ગાંધીનગર
- વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજય,ગાંધીનગર
- સર્વે ચૂંટણી અધિકારીઓ ગ્રામ / તાલુકા / જિલ્લા પંચાયત – મહાનગરપાલિકા / નગરપાલિકા (કલેકટરશ્રી મારફતે)
- રાજય ચૂંટણી આયોગમાં નોંધાયેલ સર્વે રાજકીય પક્ષો
- સંયુકત કમિશ્નરશ્રી/ઉપ સચિવશ્રી, રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગર
- નાયબ ચૂંટણી કમિશ્નરશ્રી સર્વે / મદદનીશ ચૂંટણી કમિશ્નરશ્રી તમામ / કાયદા અધિકારીશ્રી / આઈ.ટી. સેલ, રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગર
- માન. કમિશ્નરશ્રીના રહસ્ય સચિવ, રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગર
- સચિવશ્રીના અંગત મદદનીશ, રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગર
- રાજય ચૂંટણી આયોગની તમામ શાખાઓ
- વ્યવસ્થાપકશ્રી, સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર ... આ આદેશ એક્સ્ટ્રા ઓર્ડીનરી ગેઝેટ ૪–સી માં પ્રસિધ્ધ કરી ગેઝેટની ૧૦ નકલો આ કાર્યાલયને તથા ૧૦–૧૦ નકલો કલેકટરશ્રી, તમામને બારોબાર મોકલવા વિનંતી સહ.